**આદિજાતિના ઇસમોને બેન્ક મારફતે સ્વરોજગારી યોજના હેઠળ કોર્પોરેશનને નક્કી કરેલ ધધા રોજગારના હેતુઓ માટે રૂ.૫.૦૦/- લાખ સુધીની લીધેલ લોન ઉપર ૬% ના વ્યાજના દરે વ્યાજ સબસીડી આપવા બાબતની સને ૨૦૨૦-૨૧ ના વર્ષની રૂ.૯૪.૫૦ લાખની નવી બાબત.**

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૨૦/ન.બા-૨૫/ઘ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૪-૦૮-૨૦૨૦

વંચાણે લીધા : --

(૧) ગુ.આ.વિ. નિગમ, ગાંધીનગરનો તા.૪/૦૨/૨૦૨૦ નો પત્ર ક્રમાંક : વવસ-ધિ.વા.- નવી બાબત -વશી - ૪૨૯ થી ૪૩૦

પ્રસ્તાવના:-

આદિજાતિના ઇસમોને પગભર થવા માટે જુદા જુદા ધંધા હેઠળ લોનની જરૂરીયાત રહે છે. આદિજાતિના ઇસમો બેન્ક મારફતે લોનના વ્યાજના દર ઉંચા હોવાના કારણે લોન મેળવી શકતા નથી. અગર વ્યાજનો દર ઉંચો હોવાના કારણે તેઓ વ્યાજના કર દેવામાંથી બહાર આવી શકતા નથી અને પોતાનું જીવન ધોરણ ઉંચુ લાવી શકતા નથી આ સંજોગોમાં આદિજાતિના ઇસમો પગભર થાય અને પોતાનું જીવન નિર્વાહ સારી રીતે પસાર કરી શકે તે માટે તેઓ બેન્ક મારફતે સ્વરોજગારી યોજના હેઠળ કોર્પોરેશનને નક્કી કરેલ ધંધા રોજગારના હેતુઓ માટે રૂ.૫.૦૦/- લાખ સુધીની લોન મેળવે તે લોન ઉપર જે વ્યાજ હોય તેમાં ૬% ના વ્યાજના દરે સબસીડી આપવામાં આવે તો તે લોકોને રાહત મળી શકે તે માટે વંચાણે લિધા ક્રમાંક(૧)થી ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા અત્રે દરખાસ્ત કરવામાં આવે છે. જે બાબત સરકારશ્રી ની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે આદિજાતિના ઇસમોને બેન્ક મારફતે સ્વરોજગારી યોજના હેઠળ કોર્પોરેશનને નક્કી કરેલ ધંધા રોજગારના હેતુઓ માટે કુલ:૩૦૦ આદિજાતિના ઈસમો ને રૂ.૫.૦૦/- લાખ સુધીની લોન મેળવે તે લોન ઉપર જે વ્યાજ હોય તેમાં ૬% ના વ્યાજના દરે વ્યાજ સબસીડી આપવા માટે વાર્ષિક એક લાભાર્થીને રૂ.૩૦,૦૦૦/- પ્રમાણે ૩૦૦ લાભાર્થીઓના રૂ.૯૦.૦૦/- લાખ તથા ૫ ટકા વહીવટી ખર્ચ રૂ.૪.૫૦/- લાખ મળી કુલ રૂ.૯૪.૫૦/- લાખની સને૨૦૨૦-૨૧ના વર્ષની નવી બાબતને નીચેની શરતો આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

શરતો:-

(૧) આ યોજનાનો લાભ લેવા માંગનાર ઇસમ આદિજાતિનું પ્રમાણપત્ર ધરાવતો જોઇએ.

(૨) અરજદારે રૂ.૫.૦૦ લાખ સુધી લોન લીધેલ હોવી જોઇએ.

(૩) કોર્પોરેશને નક્કી કરેલ હેતુઓ માટે જ સબસીડી ચુકવવાની રહેશે.

(૪) અરજદારશ્રી બેન્કમાંથી લોન મેળવ્યા બાદ કોર્પોરેશનને જાણ કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૬) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૭) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૦) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિ ની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરાવાનું રહેશે.

(૧૨) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો-વખતની સૂચનોઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણ પાલન કરવાનું રહેશે.

(૧૪) આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજૂ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૫) આ યોજનાઓ અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૦ થી કરવાનું રહેશે.

(૧૬) બાંધકામની યોજના માટે વિભાગે માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના એસ.ઓ.આર મુજબ નકશા/અંદાજો રજુ કરીને સક્ષમ અધિકારીની વહીવટી/તાંત્રિક મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૭) આ મંજુરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની થતી હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણ અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૧૮) કેંદ્ર પુરસ્કૃત યોજનાઓના કિસ્સામાં ભારત સરકાર દ્વારા ખરેખર છૂટી થયેલ ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૯) ઉક્ત નવી બાબતની વહીવટી મંજૂરી અન્વયે નાણા વિભાગના કરકસર અંગેના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંકઃ ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ.૧ થી અપાયેલ સૂચનાઓ અનુસાર ખર્ચ થાય તે વિભાગે સુનિશ્ચિત કરવાનું રહેશે.

---

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૯૪.૫૦/- લાખની નવી બાબત અંદાજપત્રમાં માંગણી ક્રમાંકઃ ૯૬ આયોજન, મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા સદરઃ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૧૭-વીકિવાય-૨૬ આદિજાતિના લાભાર્થીઓને જુદી જુદી વ્યવસાયિક/શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે નાણાંકીય સહાય હેઠળ થયેલ જોગવાઇમાંથી ઉધારવો.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૧/૦૭/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે.આર.ડોડીયા)
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

નકલ રવાના :-

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર સત્વરે મુકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.